Explanation for the delay in submission for Government notification, Ports and Transport Department, notification No.PT/2020/17/MVD/102017/1684/KH, dated the 13/07/2020 before the Legislative Assembly.

(1) As the seventh session of Legislative Assembly from date 21/09/2020 to 25/09/2020 is for the short period of five days. Hence, the procedure for permission to submit the notification before Legislative Assembly desk was not initiated.

(2) As the Gujarati Translation of the said notification was published in the Government of Gujarat Gazette, dated 21/12/2020. Hence, the procedure for submission of the said notification before Legislative Assembly desk was not held.

Deputy Secretary
Ports & Transport Department
Sachivalaya, Gandhinagar.

Extra No. 238

©

सत्यमेव जयते

વાર્ષિક લવાજમનો દર રૂા. ૪,૦૦૦/-

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

VOL. LXI] MONDAY, JULY 20, 2020/ ASADHA 29, 1942

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-B

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Gujarat Acts**

## PORTS AND TRANSPORT DEPARTMENT

**Notification**

Sachivalaya, Gandhinagar, 13th July, 2020.

**GUJARAT ROAD SAFETY AUTHORITY ACT, 2018.**

**No. PT/2020/17/MVD/102017/1684/KH :-** WHEREAS certain draft rules were published as required by section 6 read with sub-section (2) of section 34 of the Gujarat Road Safety Authority Act, 2018 (Guj. 1 of 2018), at pages 204-1 to 204-4 in the Gujarat Government Gazette, Extraordinary, Part IV-A, dated the 29th November, 2019, under the Government Notification Ports and Transport Department No. PT/2019/28/MVD/102017/1684/KH, dated the 21st November, 2019, inviting objection or suggestion from all persons likely to be affected thereby within a period of thirty days from the date of publication of the said notification in the *Official Gazette;*

AND WHEREAS objections and suggestions received in respect of the said draft notification have been considered by the Government;

NOW, THEREFORE, in exercise of powers conferred by sub-section (2) of section 34 of the Gujarat Road Safety Authority Act, 2018 (Guj. I of 2018) the Government of Gujarat hereby makes the following rules, namely:-

**1. Short title, commencement and application.-**

(1) These rules may be called the Gujarat Road Safety Authority Rules, 2020.

(2) These rules shall come into force from the date of their publication in the *Official Gazette.*

(3) They shall apply in the whole of the State of Gujarat.

**2. Definitions.-**

(1) In these rules, unless the context otherwise requires,-

(a) 'Act' means the Gujarat Road Safety Authority Act, 2018 (Guj. 1 of 2018);

(b) 'Authority' means the Gujarat Road Safety Authority (GUJROSA);

(c) 'Form' means a Form appended to these rules;

(d) 'Government' means the Government of Gujarat;

(e) 'Section' means a section of the Act;

(2) Words and expressions used and not defined but defined in the Act shall have the meanings assigned to them in the Act.

**3. Additional functions of the Authority.-**

The Authority shall perform the following functions in addition to the functions provided in section 4, namely :-

(i) to issue directions for the appointment of any public or private agency as provided in clause (iv) of section 33;

(ii) to create awareness through social media;

(iii) to declare awards and prizes for the outstanding works done in the various field of road safety;

**4. Method of appointment and other conditions of service of the officer and staff of the Authority.-**

(1) The State Government shall, for carrying out the purpose of provisions of Act; appoint officers and employees as may be necessary for the efficient performance of the functions of the Authority. Then the State Government may establish zonal offices in such number as may be necessary. The manpower and administrative requirement of the offices shall be determined by the State Government.

(2) The method of appointment of the officers and staff of the authority shall be as under:-

(i) The Road Safety Commissioner shall be appointed by the Government from the IAS cadre not below the rank of the Secretary to the Government of Gujarat:

Provided that the Government may appoint a retired IAS officer, who has worked on the post not below the rank of the Secretary to the Government of Gujarat and who shall not have attained the age of 62 years;

(ii) The Joint Road Safety Commissioner shall be appointed by the Government from the officer not below the rank of the Deputy Secretary to Government of Gujarat:

Provided that the Government may appoint a person, who has retired from the post not below the rank of the Deputy Secretary to the Government of Gujarat and who shall not have attained the age of 62 years;

(iii) The Chief Enforcement Officer shall be appointed on deputation basis from amongst the Inspectors of Motor Vehicles having minimum experience of 7 years;

(iv) The Regional Enforcement Officer shall be appointed on deputation basis from amongst the officers not below the rank of the Inspector of Motor Vehicles;

(v) The Assistant Enforcement Officer shall be appointed on deputation basis from amongst the officers not below the rank of the Assistant Inspector of Motor Vehicles;

(vi) The Road Safety Co-ordinators for one or more departments, such as Home, Motor Vehicles, Health, Education, Roads and Buildings, Urban Development, Employment and Training and Information and Broadcasting shall be Class III officers of such departments,

(vii) The Accounts Officer shall be appointed on deputation basis from the Directorate of Accounts and Treasury, Gujarat State;

(viii) The Statistical Research Officer shall be appointed on deputation basis or from retired Statistical Research Officer of the Bureau of Economics and Statistics; or by outsourcing of person having master's degree in Statistics or Mathematics or Economics:

Provided that in case of appointment of a retired officer on contractual bases, maximum age limit shall be 62 years and shall have designation not below the rank of the Statistical Research Officer from the Bureau of Economics and Statistics or equivalent designation at the time of his retirement;

(ix) The appointment of Clerks shall be made by deputation or outsourcing or through appointment of a retired government employee who was not below the rank of Clerk, Class III at the time of retirement, on contractual basis having age not more than 62 years;

(x) The appointment of Assistant co-ordinator, computer operator, personal assistants and other staff shall be made by outsourcing.

(3) The uniform, epaulettes, badges, head badges and strip of the officers and employees shall be of design and descriptions as may be specified by the State Government.

(4) The salary and other terms and conditions of service of the officers and staff of the Authority shall be as under:-

(i) unless it is otherwise provided, salaries, allowances, terms and conditions of the services of the officers and employees appointed other than contractual basis shall be as per the Gujarat Civil Services (General Conditions of Services) Rules, 2002, the Gujarat Civil Services (Joining time, Foreign Service, Deputation out of the India, Payment during Suspension, Dismissal and Removal) Rules, 2002, the Gujarat Civil Services (Leave) Rules, 2002, the Gujarat Civil Services (Salaries and Allowances) Rules, 2002, the Gujarat Civil Service (Pension) Rules, 2002, the Gujarat Civil Services (Habitat in the residential houses) Rules, 2002, the Gujarat Civil Services (Travelling Allowance) Rules, 2002, the Gujarat Civil Services (Pay) Rules, 2002 and the Gujarat Civil Services (Discipline and Appeal) Rules, 1971;

(ii) in case of the contractual appointment of retired Government employee, the provisions of the Government Resolution, General Administration Department No. REM/102002/UOR/ 82/G-2, dated the 7th July, 2016 shall be followed:

Provided that where the contractual appointment is made from retired IAS officer the provisions contain in. General Administration Department, Circular No. AIS/1098/5302/G, dated the 24th June, 2004 shall be followed.

Provided further that where the appointment made by the Government approved or any outsourcing agency approved by the Government Corporation or Company or through tender process undertaken by the Authority, the post shall be filled after the approval of the Government on the fixed monthly wages/remuneration decided under the terms and conditions of the contract between the Authority and the outsourcing agency:

Provided also that the Authority may consider the increase in such wages/remuneration of employees appointed on contractual basis after review of the performance of the employees as per the terms and conditions of the contract subject to the prior approval of the Government.

**5. Office vehicles and other administrative requirements.-**

(1) The Government after publishing the notification in the *Official Gazette* under sub-section (1) of section 3 of the Act shall set-up state/regional level offices of the Authority; preferably in a Government building, failing which in a rented space.

(2) The Government shall provide vehicles as per the requirement of the Authority:

Provided that the vehicles may be purchased or hired as per requirement by the Authority itself, both for enforcement as well as for administrative purpose with the prior approval of the Government.

**6. Annual Report.-**

The Authority shall as soon as may be possible after the end of the financial year, but not later than the 30th day of September in next year ensuing, prepare and submit to the Government an annual report in FORM I, giving a complete account of its activities during the said financial year in accordance with sub-section (1) of section 20 of the Act.

**FORM I**

***(See* rule *6)***

**Format of Annual Report.**

1. Details of Chairperson and members of the Authority.
2. Details of the Officials and Staff of Authority.
3. Details of the Budgetary Allocation and expenditure.
4. Details of performance of the functions of the Authority.
5. Details of the Targets and its achievement.
6. Any other details.

By order and in the name of the Governor of Gujarat,

**PRAKASH MAJMUDAR,**
Deputy Secretary to Government.

-------------------

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

બંદરો અને વાહન વ્યવહાર વિભાગની તા.૧૩/૦૭/૨૦૨૦ની અધિસૂચના ક્રમાંક:પીટી/૨૦૨૦ /૧૭ /એમવીડી /૧૦૨૦૧૭ /૧૬૮૪ /ખ સભાગૃહના મેજ ઉપર મુકવા થયેલ વિલંબ અંગેનું નિવેદન

(૧) વિધાનસભાના સાતમા સત્ર(તા.૨૧-૦૯-૨૦૨૦ થી તા.૨૫-૦૯-૨૦૨૦)માં પાંચ દિવસનો સમયગાળો ટૂંકો હોઇ, અધિસૂચના મેજ ઉપર મુકવાની પરવાનગી લેવાની પ્રક્રિયા કરવામાં આવેલ ન હતી.

(૨) અધિસૂચનાની ગુજરાતી નકલ તા.૨૧/૧૨/૨૦૨૦ના રોજ ધી ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલ હોઇ, વિધાનસભાના સાતમા સત્રમાં અધિસૂચના મેજ ઉપર મુકવાની કાર્યવાહી કરવામાં આવેલ ન હતી.

Deputy Secretary
Ports & Transport Department
Sachivalaya, Gandhinagar.

Extra No. 301

વાર્ષિક લવાજમનો દર રૂ. ૪,૦૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

Vol. LXI ] MONDAY, DECEMBER 21, 2020 / AGRAHAYANA 30, 1942

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૨૦૨૦.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ–ના તારીખઃ ૧૩મી જુલાઈ, ૨૦૨૦**ના જાહેરનામા **ક્રમાંકઃ પીટી/૨૦૨૦/૧૭/એમવીડી/૧૦૨૦૧૭/૧૬૮૪/ખ.**નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

**વી. એન. શેખ,**
સરકારના નાયબ સચિવ.

## NOTIFICATION

*Regarding*

## THE GUJARAT ROAD SAFETY AUTHORITY RULES, 2020.

**ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ નિયમો, ૨૦૨૦ સંબંધી**

**જાહેરનામું.**

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુલાઈ, ૨૦૨૦.

**ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ અધિનિયમ, ૨૦૧૮.**

**ક્રમાંક: પીટી/૨૦૨૦/૧૭/એમવીડી/૧૦૨૦૧૭/૧૬૮૪/ખ:-** ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ અધિનિયમ, ૨૦૧૮ (સન ૨૦૧૮ના ગુજરાતના ૧લા)ની કલમ ૩૪ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૬થી ફરમાવ્યા પ્રમાણે, બંદરો અને વાહનવ્યવહાર વિભાગના તારીખ: ૨૧મી નવેમ્બર, ૨૦૧૯ના સરકારી જાહેરનામા ક્રમાંક: પીટી/૨૦૧૯/૨૮/ એમવીડી/ ૧૦૨૦૧૭/ ૧૬૮૪/ ખ-થી અમુક નિયમોનો મુસદ્દો, તારીખ ૨૯-મી નવેમ્બર, ૨૦૧૯ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪-ક-ના પાના ૨૦૪-૧ થી ૨૦૪-૪ માં પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, સદરહુ જાહેરનામાની રાજપત્રમાં પ્રસિદ્ધિની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં મળેલ વાંધા અને સૂચનો સરકારા દ્વારા વિચારણામાં લેવામાં આવ્યા છે.

તેથી, હવે, ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ અધિનિયમ, ૨૦૧૮ (સન ૨૦૧૮ના ગુજરાતના ૧લા)ની કલમ ૩૪ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

**૧. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.-**

(૧) આ નિયમો ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ નિયમો, ૨૦૨૦ કહેવાશે.

(૨) આ નિયમો, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

(૩) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડશે.

**૨. વ્યાખ્યા.-**

(૧) આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,-

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ અધિનિયમ, ૨૦૧૮ (સન ૨૦૧૮નો ગુજરાતના ૧લો);

(ખ) "સત્તામંડળ" એટલે ગુજરાત માર્ગ સુરક્ષા સત્તામંડળ (GUJROSA);

(ગ) "નમૂનો" એટલે આ નિયમો સાથે જોડેલ નમૂનો;

(ઘ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

(ચ) "કલમ" એટલે અધિનિયમની કલમ;

(૨) અહીં વપરાયેલા અને વ્યાખ્યાયિત નહિ કરેલા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, અધિનિયમમાં તેનો જે અર્થ કરવામાં આવ્યો છે તે થશે.

**૩. સત્તામંડળના વધારાના કાર્યો.-**

(૧) સત્તામંડળે, કલમ ૪માં જોગવાઈ કરેલા કાર્યો ઉપરાંત નીચે પ્રમાણેના કાર્યો કરવા જોઈશે:-

(૧) કલમ ૩૩ના ખંડ (૪)માં જોગવાઇ કર્યા પ્રમાણે કોઈ જાહેર અથવા ખાનગી એજન્સીની નિમણૂક કરવા માટે, આદેશો આપવા;

(૨) સામાજિક પ્રચાર માધ્યમ (સોશિયલ મીડીયા)થી જાગૃતિ લાવવી;

(૩) માર્ગ સુરક્ષાના વિવિધ ક્ષેત્રે કરવામાં આવેલા નોંધપાત્ર કાર્યો માટે, પુરસ્કારો અને ઇનામો જાહેર કરવા.

**૪. સત્તામંડળના અધિકારી અને કર્મચારીવર્ગ (સ્ટાફ)–ની નિમણૂકની પદ્ધતિ અને સેવાની બીજી શરતો.–**

(૧) રાજ્ય સરકાર, અધિનિયમની જોગવાઇઓના હેતુઓને પાર પાડવા માટે, સત્તામંડળના કાર્યોની કાર્યદક્ષ કામગીરી માટે જરૂરી હોય તેવા અધિકારીઓ અને કર્મચારીઓની નિમણૂક કરશે. ત્યારપછી રાજ્ય સરકાર, જરૂરી હોય તેટલી સંખ્યામાં પરિક્ષેત્રિય કચેરીઓની સ્થાપના કરી શકશે. કચેરીઓની માનવશક્તિ અને વહીવટી જરૂરિયાત રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામાં આવશે.

(૨) સત્તામંડળના અધિકારી અને કર્મચારીવર્ગ (સ્ટાફ)–ની નિમણૂકની પદ્ધતિ, નીચે મુજબ રહેશે:-

(૧) માર્ગ સુરક્ષા કમિશનરની નિમણૂક, સરકાર દ્વારા ગુજરાત સરકારના સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા IAS (ભારતીય વહીવટી સેવા) સંવર્ગમાંથી કરવી જોઇશે:

પરંતુ સરકાર, જેઓએ ગુજરાત સરકારના સચિવથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પર કામ કર્યું હોય અને જેઓએ ૬૨ વર્ષની ઉંમર પૂર્ણ કરી ન હોય તેવા નિવૃત્ત IAS અધિકારીની નિમણૂક કરી શકશે;

(૨) સંયુક્ત માર્ગ સુરક્ષા કમિશનરની નિમણૂક, સરકાર દ્વારા ગુજરાત સરકારના નાયબ સચિવથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીઓમાંથી કરવી જોઇશે:

પરંતુ સરકાર, જેઓએ ગુજરાત સરકારના નાયબ સચિવથી ઉતરતા દરજ્જાની ન હોય તેવી જગા પરથી નિવૃત થયેલ હોય અને જેઓએ ૬૨ વર્ષની ઉંમર પૂર્ણ કરી ન હોય તેવી વ્યક્તિની નિમણૂક કરી શકશે;

(૩) મુખ્ય અમલબજવણી અધિકારીની નિમણૂક, ઓછામાં ઓછા ૭ વર્ષનો અનુભવ ધરાવતા મોટર વાહન નિરીક્ષકોમાંથી પ્રતિનિયુક્તિને આધારે કરવી જોઇશે;

(૪) પ્રાદેશિક અમલબજવણી અધિકારી–ની નિમણૂક, મોટર વાહન નિરીક્ષકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીઓમાંથી પ્રતિનિયુક્તિને આધારે કરવી જોઇશે;

(૫) મદદનીશ અમલબજવણી અધિકારી–ની નિમણૂક, મદદનીશ મોટર વાહન નિરીક્ષકથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીઓમાંથી પ્રતિનિયુક્તિને આધારે કરવી જોઇશે;

(૬) ગૃહ, મોટર વાહન, આરોગ્ય, શિક્ષણ, માર્ગ અને મકાન, શહેરી વિકાસ, રોજગાર અને તાલીમ અને માહિતી અને પ્રસારણ જેવા એક અથવા એકથી વધુ વિભાગ/ વિભાગો માટેના માર્ગ સુરક્ષા સહકર્મચારીઓ (કો–ઓર્ડિનેટર્સ), તેવા વિભાગ/ વિભાગો–ના વર્ગ–૩ અધિકારીઓ રહેશે;

(૭) હિસાબી અધિકારીની નિમણૂક, હિસાબ અને તિજોરી (ટ્રેઝરી) નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય–માંથી પ્રતિનિયુક્તિને આધારે કરવી જોઇશે;

(૮) આંકડાકીય સંશોધન અધિકારીની નિમણૂક, પ્રતિનિયુક્તિને આધારે અથવા અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો(કચેરી)ના નિવૃત્ત આંકડાકીય સંશોધન અધિકારીમાંથી અથવા આંકડાશાસ્ત્ર અથવા ગણિતશાસ્ત્ર અથવા અર્થશાસ્ત્ર–માં અનુસ્નાતકની પદવી ધરાવતી વ્યક્તિના આઉટસોર્સિંગથી કરવી જોઇશે:

પરંતુ કરારગત આધારે નિવૃત્ત અધિકારીની નિમણૂકના કિસ્સામાં, મહત્તમ વયમર્યાદા ૬૨ વર્ષની રહેશે અને તેઓની નિવૃત્તિના સમયે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો (કચેરી)માં આંકડાકીય સંશોધન અધિકારીથી ઉતરતા દરજ્જાનો ન હોય તેવો અથવા તેને સમકક્ષ હોદ્દો ધરાવતા હોવા જોઇશે;

(૯) કારકુનોની નિમણૂક, પ્રતિનિયુક્તિથી અથવા આઉટસોર્સિંગથી અથવા જેઓ નિવૃત્તિના સમયે કારકુન, વર્ગ–૩થી નીચેના દરજ્જા પર ન હોય અને ૬૨ વર્ષથી વધુ ઉંમરના ન હોય તેવા નિવૃત્ત સરકારી કર્મચારીની કરાર આધારિત નિમણૂક કરીને કરવી જોઇશે;

(૧૦) મદદનીશ સમન્વયકાર (ઓર્ડિનેટર–કો), કોમ્પ્યુટર ઓપરેટર, અંગત મદદનીશ અને અન્ય સ્ટાફની નિમણૂક આઉટસોર્સિંગથી કરવી જોઇશે .

(૩) અધિકારીઓ અને કર્મચારીઓના ગણવેશ, એપોલેટ, બેજ, હેડ બેજ અને સ્ટ્રીપ રાજ્ય સરકાર દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવે તેવી ડિઝાઇન અને તે પ્રકારના હોવા જોઇશે.

(૪) સત્તામંડળના અધિકારીઓ અને સ્ટાફના પગાર અને સેવાની અન્ય બોલીઓ અને શરતો નીચે મુજબ રહેશે–:

(૧) અન્યથા જોગવાઇ કરવામાં આવી હોય તે સિવાય, કરારગત ધોરણ સિવાય નિમણૂક કરવામાં આવેલા અધિકારીઓ અને કર્મચારીઓની સેવાંની બોલીઓ અને શરતો ગુજરાત મુલકી સેવા (સેવાની સામાન્ય શરતો) નિયમો, ૨૦૦૨, ગુજરાત મુલકી સેવા (ફરજ પર જોડાવાના સમય, રાજ્યેતર સેવા, ભારત બહાર પ્રતિનિયુક્તિ, ફરજમોકૂફી, બરતરફી અને રૂખસદ દરમિયાન વેતન ચુકવણી) નિયમો, ૨૦૦૨, ગુજરાત મુલકી સેવા (રજા) નિયમો, ૨૦૦૨, ગુજરાત મુલકી સેવા (પગાર અને ભથ્થાં) નિયમો, ૨૦૦૨, ગુજરાત મુલકી સેવા (પેન્શન) નિયમો, ૨૦૦૨, ગુજરાત મુલકી સેવા (રહેણાકના મકાનોમાં વસવાટ) નિયમો, ૨૦૦૨, ગુજરાત મુલકી સેવા (મુસાફરી ભથ્થાં) નિયમો, ૨૦૦૨, ગુજરાત મુલકી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ અને ગુજરાત મુલકી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ મુજબ રહેશે;

(૨) નિવૃત્ત સરકારી કર્મચારીની કરારગત નિમણૂકના કિસ્સામાં, સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૭મી જુલાઇ, ૨૦૧૬ના સરકારી ઠરાવ ક્રમાંક. આરઇએમ/૧૦૨૦૦૨/યુઓઆર/૮૨/જી–૨.–ની જોગવાઇઓનું પાલન કરવું જોઇશે:

પરંતુ નિવૃત્ત આઇ.એ.એસ. અધિકારીમાંથી કરારગત નિમણૂક કરવામાં આવી હોય, ત્યારે સામાન્ય વહીવટ વિભાગના તારીખ: ૨૪મી જૂન, ૨૦૦૪ના પરિપત્ર ક્રમાંક: એઆઇએસ/૧૦૯૮/૫૩૦૨/જી–માં સમાવિષ્ટ જોગવાઇઓ અનુસરવી જોઇશે:

વધુમાં, સરકાર માન્ય અથવા સરકારના કોર્પોરેશન અથવા કંપની દ્વારા માન્ય કરેલી અથવા સત્તામંડળ દ્વારા હાથ ધરવામાં આવેલી ટેન્ડરની પ્રક્રિયાથી કોઇ આઉટસોર્સિંગ એજન્સીથી નિમણૂક કરવામાં આવી હોય ત્યારે, સત્તામંડળ અને આઉટસોર્સિંગ એજન્સી વચ્ચેના કરારની બોલીઓ અને શરતો હેઠળ નક્કી કરેલા માસિક વેતન/ નિર્ધારિત કરેલા મહેનતાણાને આધારે સરકારની મંજૂરી મળ્યા પછી, તે જગા ભરવી જોઇશે:

વળી, સરકારની પૂર્વ–મંજૂરીને અધીન રહીને, કરારની બોલીઓ અને શરતો મુજબ કર્મચારીઓની કામગીરીની સમીક્ષા પછી, સત્તામંડળ, કરાર આધારિત નિમાયેલા કર્મચારીઓના એવા વેતન/ મહેનતાણામાં વધારો કરવાની વિચારણા કરી શકશે.

567

**૫. કચેરીના વાહનો અને બીજી વહીવટી જરૂરિયાતો.–**

(૧) અધિનિયમની કલમ ૩ની પેટા–કલમ (૧) હેઠળ રાજપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કર્યા પછી, સરકારે, સત્તામંડળના રાજ્ય/ પ્રાદેશિક સ્તરની કચેરીઓની વ્યવસ્થા, ઇચ્છનીય રીતે સરકારી મકાનમાં અને તે ઉપલબ્ધ ન હોય તો ભાડાના મકાનમાં કરવી જોઇશે.

(૨) સરકારે, સત્તામંડળની જરૂરિયાત મુજબ વાહનો પૂરા પાડવા જોઇશે:

પરંતુ સત્તામંડળ, સરકારની પૂર્વ–મંજૂરી મેળવીને, અમલબજવણીના તેમજ વહીવટી–એમ બન્ને હેતુ માટે, પોતાની જરૂરિયાત મુજબ વાહનોની ખરીદી કરી શકાશે અથવા તેને ભાડે રાખી શકાશે.

**૬. વાર્ષિક અહેવાલ.–**

સત્તામંડળે, શક્ય તેટલી ઝડપથી, નાણાકીય વર્ષના અંત પછી, પણ તે પછીના આગામી વર્ષમાં સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખથી વધુ મોડું નહિ તે રીતે, અધિનિયમની કલમ ૨૦ની પેટા–કલમ (૧) અનુસાર સદરહુ નાણાકીય વર્ષ દરમિયાનની તેની પ્રવૃતિઓનો સંપૂર્ણ હિસાબ આપતો વાર્ષિક અહેવાલ નમૂના ટ–માં તૈયાર કરીને, સરકારને સાદર કરવો જોઇશે.

**નમૂનો ટ**

**(જુઓ નિયમ ૬)**

**વાર્ષિક અહેવાલનું ફોર્મેટ (રૂપરેખા).**

૧. સત્તામંડળના અધ્યક્ષ અને સભ્યોની વિગતો.

૨. સત્તામંડળના અધિકારીઓ અને કર્મચારીવર્ગ (સ્ટાફ)ની વિગતો.

૩. અંદાજપત્ર વિષયક ફાળવણી અને ખર્ચની વિગતો.

૪. સત્તામંડળના કાર્યોની બજવણીની વિગતો.

૫. લક્ષ્યાંકો અને તેની સિદ્ધિની વિગતો.

૬. બીજી કોઇ વિગતો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**પ્રકાશ મજમુદાર,**

સરકારના નાયબ સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.